
# ૧૦ : વડદાદા



જતીન એના દાદા સાથે ફરવા ગયો. ગામના પાદરે એક મોટું ઝાડ તેણે જોયું. ઝાડ હતું વડનું. વડ જોઈ જતીન રાજી થઈ ગયો.

લાલ લાલ ટેટા જોઈ જતીને કહ્યું : ‘દાદાજી, આ શું છે ?’ દાદાજી કહે : ‘આ વડદાદાનું ફળ છે.’

જતીન દાદાના ખભા ઉપર બેસીને પાન જોવા લાગ્યો. વડદાદાને તો મોટાં મોટાં પાન હતાં. પાન પણ લીલાં લીલાંછમ. વડદાદાનું થડ તો ખૂબ જાડું હતું. જતીને થડને બાથ ભરી પણ થડ બાથમાં ન આવ્યું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વડલા ઉપર જતીને નજર નાખી તો એની ડાળ ઉપર એક વાંદરો બેઠો હતો.

પાદરે એક કેસૂડાનું ઝાડ પણ હતું. કેસૂડાં જોઈને જતીન રાજી રાજી થઈ ગયો.

જતીનની નજર વડદાદાના થડની નીચે પડી. તો વડદાદાનો આ ભાગ જમીનની અંદર જતો હતો. જતીને એ ખેંચી જોયું, પણ ખેંચાયું નહિ. એના દાદાને પૂછ્યું : 'દાદાજી આ શું છે ?' દાદાજીએ જવાબ આપ્યો : 'આ વડનું મૂળ છે. ઉપરથી લટકતાં દેખાતાં પણ મૂળ જ છે. એમને વડવાઈ કહેવાય. જતીને એને લટકી જોયું એને હીંચકા ખાવાની મજા પડી.'

## નવા શબ્દો

બાથ ◆ પાદર ◆ વડવાઈ

## ૧. જવાબ આપો.

(૧) તમે કયાં કયાં ઝાડ જોયાં છે ?

(૨) આંબો આપણને કયું ફળ આપે છે ?

(૩) કેરી, જામફળ, બોરને શું કહેવાય ?

(૪) ઝાડનો કયો ભાગ લીલોછમ હોય છે ?

(૫) જમીનની અંદર ઝાડનો કયો ભાગ હોય છે ?

(૬) ઝાડનો સૌથી જાડો ભાગ કયો હોય છે ?

(૭) થડમાંથી જુદા પડતા ફાંટાઓને શું કહેવાય ?

(૮) તમે કયાં કયાં ફૂલ જોયાં છે ?

(૯) વડના લટકતા મૂળને શું કહેવાય ?

## ૨. ગાઓ.

વડદાદાની લાંબી દાઢી લાંબા લાંબા વાળ,
ઑળમ્ કોળમ્ રમતાં રમતાં ભૂલાં પડ્યાં બાળ.
ઓ વડદાદા આપો ટેટા રાતા ને વળી મોટા,
પછી રમીશું આઘે જઈને આટા ને વળી પાટા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ગાઓ.

## જાંબુડો

જાંબુડો કોણે વાવ્યો ? કોણે વાવ્યો ? કોણે વાવ્યો રે...?
જાંબુડો અમે વાવ્યો, તમે વાવ્યો, સૌએ વાવ્યો રે...
પાણી કોણે પાયું, કોણે પાયું, કોણે પાયું રે...?
પાણી અમે પાયું, તમે પાયું, સૌએ પાયું રે...
જાંબુડો કેવડો થયો ? કેવડો થયો ? કેવડો થયો રે...?
જાંબુડો આટલો થયો, આટલો થયો,
આટલો થયો રે...
જાંબુડાં કેટલાં થયાં ? કેટલાં થયાં ? કેટલાં થયાં રે ?
જાંબુડાં આટલાં થયાં, આટલાં થયાં, આટલાં થયાં રે.
જાંબુડાં કોણે ખાધાં ? કોણે ખાધાં ? કોણે ખાધાં રે ?
જાંબુડાં અમે ખાધાં, તમે ખાધાં, સૌએ ખાધાં રે.
જાંબુડો કોણે વાવ્યો ? કોણે વાવ્યો ? કોણે વાવ્યો રે...?

– શામજીભાઈ જમોડ
– તારાબહેન જમોડ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૩. સાંભળો અને બોલો.

| | | | |
|---|---|---|---|
| ટાઢ | ઢગલો | ઠંડી | ઠેકડો |
| આઠ | સાઈકલ | ઠાઠ | ઈનામ |
| ઠામ | ઈયળ | ઈદ | ઈંડું |
| રાઈ | લાઠી | ઢેલ | ઢોલ |

| | | | |
|---|---|---|---|
| રેંટિયો | નિશાળ | દરિયો | દિવાળી |
| રેડિયો | ઉનાળો | ઘડિયાળ | મંદિર |
| કિનારો | શિયાળો | મીઠાઈ | બિલાડી |
| ઠળિયો | ખિસકોલી | પતંગિયું | ઘોડિયું |
| શનિવાર | શિંગડાં | કચુંબર | પૂંછડી |

## ૪. વાંચો.

શાક ઢગલો

હાથી ઠળિયો


થાળી લાવ. થેલી આપ.

ગાયનાં શિંગડાં. હાથીની પૂંછડી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


| | |
|---|---|
| કદ | કંદ |
| સત | સંત |
| ચિતા | ચિંતા |
| વદન | વંદન |
| નદી | નંદી |
| રગ | રંગ |
| પકડવું | દોડવું |


૫. રંગ પૂરો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૬. ઓળખો અને રંગ પૂરો.




## ૭. આંગળી ફેરવો.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૮. ટપકાં જોડો અને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| ઢ | ઢ | ઢ | ઢ | ઢ |
| | | | | |
| ઠ | ઠ | ઠ | ઠ | ઠ |
| | | | | |
| શ | શ | શ | શ | શ |
| | | | | |
| થ | થ | થ | થ | થ |
| | | | | |
| કં | કં | કં | કં | કં |
| | | | | |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઢં ઢં ઢં ઢં ઢં

ઠં ઠં ઠં ઠં ઠં

શં શં શં શં શં

થં થં થં થં થં

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૯. ફળોનાં નામ શોધો અને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| કે | રી | જા | ચ | ર |
| દા | ડ | મ | બો | લ |
| સી | તા | ફ | ળ | વ |
| ચી | કુ | ળ | કે | ળાં |

(૧) .................. (૩) .................. (૫) ..................

(૨) .................. (૪) .................. (૬) ..................

## ૧૦. વાંચો અને કહો.





(૧) શંભુએ ઠળિયા ક્યાં ફેંકી દીધા ?

(૨) જાંબુનો રંગ કેવો હોય છે ?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૧. જોડો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

• વાંચો.

| | |
|---|---|
| નિશાળ | શિયાળ |
| હાથ | છાશ |
| થેલી | થેલો |
| ટાઢી | દાઢી |
| ઠંડી | ઢોલી |
| વંદન | કંચન |
| વૈશાખ | ખૈયામ |
| ગંગા | શંકર |
| જોસેફ | ગૌતમ |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૧૨. લખો.

મને ભાઈભાભી ગમે છે.

મૌલી દૂધી કાપે છે.

કૌશલ ગીતો ગાય છે.

રોજ સફાઈ થાય છે.

સૌને ભૂખ લાગી છે.

હું મંદિરે જાઉં છું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૩. અલગ તારવો અને લખો.

રીંગણ

જાંબુ **ફળ** કેળાં

નારંગી

ટમેટાં

કારેલાં **શાકભાજી** મોસંબી

ભીંડા

જાસૂદ

કોબીજ **ફૂલ** દૂધી

ગુલાબ


## ૧૪. ઉદાહરણ મુજબ લખો.



| **શાકભાજી** | **ફળો** |
| --- | --- |
| રીંગણ | |
| | |
| | |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


• વાંચો.



ઝાડ ફળ આપે.
ઝાડ છાંયો આપે.
ઝાડ પાન આપે.
ઝાડ ફૂલ આપે.
ઝાડ લાકડું આપે.
ઝાડ વરસાદ લાવે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૫. ચિત્ર જુઓ અને જવાબ આપો.



(૧) આ શાનું ચિત્ર છે ?

(૨) ચિત્રમાં તમને સૌથી વધુ શું ગમ્યું ?

(૩) ચિત્રમાં બાળકો શું ખરીદે છે ?

(૪) તમે મેળામાં ક્યારે ગયા હતા ?

(૫) તમે મેળામાંથી શું ખરીદ્યું હતું ?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૬. ચિત્ર જુઓ અને જવાબ આપો.



(૧) તમે દિવાળીમાં શું શું કરો છો ?

(૨) તમે પતંગ ક્યારે ચગાવો છો ?


(૩) તમને કયો તહેવાર વધુ ગમે છે ?

(૪) ઈદના દિવસે શું કરો છો ?

(૫) નાતાલનો તહેવાર કેવી રીતે ઊજવો છો ?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૭. જોડકાં જોડો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# શિક્ષકો માટે

(૧) વડનું ચિત્ર બતાવી, પાઠનું શ્રવણ કરાવી પ્રશ્નોના જવાબ મેળવો.
(૨) 'વડદાદા' જોડકણાનું અને 'જાંબુડો' ગીતનું ગાન કરાવો.
(૩) શબ્દોનું શ્રવણ અને કથન કરાવો.
(૪) આપેલ શબ્દોનું વાચન કરાવો.
(૫) ઢ, ઠ, શ, થમાં વિદ્યાર્થીઓ પાસે રંગ પૂરાવી પરિચય આપો.
(૬) મૂળાક્ષરોને ઓળખાવો અને તેમાં રંગ પૂરાવો.
(૭) મૂળાક્ષર પર તીરની દિશામાં વિદ્યાર્થીઓને આંગળી ફેરવવા કહો.
(૮) ટપકાં જોડી શ, થ, ઠ, ઢ અને અનુસ્વારવાળા મૂળાક્ષરોના લેખનનો મહાવરો કરાવો.
(૯) ફળોનાં નામ શોધીને લખાવો.
(૧૦) આપેલ વાક્યોનું વાંચન કરાવવું અને મૌખિક જવાબ મેળવવા.
(૧૧) ફળના ચિત્રને તેના છોડ કે ઝાડ સાથે જોડાવો.
(૧૨) આપેલ વાક્યોનું અનુલેખન કરાવવું.
(૧૩) ફળ, ફૂલ અને શાકભાજીનું વર્ગીકરણ કરાવી આપેલ ખાનામાં તેનું નામ લખાવવું.
(૧૪) ચિત્રમાં જોઈ ફળો અને શાકભાજી જુદાં પાડી લેખન કરાવો.
(૧૫) આપેલ મેળાના ચિત્રનું અવલોકન કરાવી પ્રશ્નોના ઉત્તર મેળવવા.
(૧૬) તહેવારનાં ચિત્રોનું અવલોકન કરાવી પ્રશ્નોના ઉત્તર મેળવવા.
(૧૭) આપેલ તહેવાર અને તેની ઊજવણીનાં બંધબેસતા ચિત્રોની જોડ બનાવડાવવી.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| ઢ, ઠ, શ, થ | અનુસ્વાર ( ં ) | • મેળાઓ અને ઉત્સવોની પરંપરા વિશે સામાન્ય પરિચય મેળવે. |

◆ ◆ ◆

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in